THE ADMISSION COMMITTEE FOR PROFESSIONAL COURSES
GUJARAT STATE, INDIA
L D College of Engineering Campus, Ahmadabad – 380 015
Website: jacpcldce.ac.in Phone: (079) 26566000

150 YEARS OF CELEBRATING THE MAHATMA

Date: 12/10/2022

# B.Arch અભ્યાસક્રમ વર્ષ ૨૦૨૨-૨૩ માટે Grant-in-Aid (GIA)Institutes માં ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા બાદ ખાલી રહેલી બેઠકો પર ભાગ લેવા માટે સૂચનાઓ

પ્રવેશ સમિતિ દ્વારા B.Arch અભ્યાસક્રમ વર્ષ ૨૦૨૨-૨૩ માટે ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા બાદ ખાલી રહેલી બેઠકો માં પ્રવેશ અંગેની જાહેરાતના અનુસંધાને Grant-in-Aid (GIA) સંસ્થાઓમાં ખાલી રહેલી બેઠકોની માહિતી સમિતિની વેબસાઈટ પર પ્રદર્શિત કરવામાં આવેલ છે. શૈક્ષણિક વર્ષ 2022-23 માટે Grant-in-Aid (GIA) સંસ્થાઓમાં B.Arch અભ્યાસક્રમની ઉપરોક્ત બેઠકો પર પ્રવેશ મેળવવા ઇચ્છુક ઉમેદવારોને નીચેની સૂચનાઓ અને સમયરેખા મુજબ પ્રક્રિયા અનુસરવા આથી જાણ કરવામાં આવે છે.

## Broad tentative timeline

| Sr No. | Name of Activity | Proposed tentative Dates |
|---|---|---|
| 1 | Display on website details related to vacant seats and other related information. | 13/10/2022 |
| 2 | **Online registration and payment of online registration fees** for Non Registered Candidates **(New Candidates)** | 13/10/22 to 14/10/22 |
| 3 | Declaration of Merit for GIA Vacant Quota Round | 16/10/2022 |
| 4 | **Online Consent and again choice filling for candidates who are already in merit list of ACPC** and **Choice filling for Newly Registered candidates** for vacant seats in GIA institutes | 17/10/22 to 18/10/22 |
| 5 | Declaration of seat allotment for GIA institutes vacant seats | 20/10/2022 |
| 6 | Online deposition of token tuition fees and generation of Admission Letter for GIA Vacant Quota Round | 20/10/22 to 21/10/22 |

## Details of B.Arch. Vacant seats arising after completion of online admission process, year 2022-23

| Inst. Code | Name of Institute | Vacant seats |
|---|---|---|
| GJ01 | Department of Architecture, Faculty of technology & Engineering, The M. S. University of Baroda | 02 |
| GJ08 | Institute of Architecture, Hemchandracharya North Gujarat University | 16 |

## ઉપરોક્ત જણાવેલ Grant-in-Aid (GIA) સંસ્થાઓમાં ખાલી રહેલી બેઠકોમાં પ્રવેશ અંગેની સુચનાઓ

1. **જે ઉમેદવારો ACPC ની મેરિટ યાદીમાં છે** અને GIA સંસ્થાઓમાં ખાલી પડેલી બેઠકો પર ભાગ લેવા ઇચ્છુક છે તેઓએ **તા.૧૭-૧૦-૨૦૨૨ થી ૧૮-૧૦-૨૦૨૨** દરમ્યાન સમિતિની વેબસાઇટ **https://gujacpc.nic.in પર તેમના લોગિન ID પરથી ઓનલાઈન સંમતિ આપવાની રહેશે.** ઉમેદવારે **વેબસાઇટ https://gujacpc.nic.in પર** તેના એકાઉન્ટમાં લૉગિન કરવું પડશે અને **dashboard** પર ઉપલબ્ધ **Click here to Proceed link** પર ક્લિક કરી ઉમેદવારે તેની **consent "YES"** or **"NO"** આપવાની રહેશે. **"YES"** પર ક્લિક કરીને ઉમેદવાર ઉક્ત પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લઈ શકશે. **Consent** આપ્યા બાદ, ઉમેદવારે **તા.૧૭-૧૦-૨૦૨૨ થી ૧૮-૧૦-૨૦૨૨** દરમ્યાન તેમના **login ID** માં ફરીથી **choice filling** કરવાની રહેશે. **GIA સંસ્થાઓમાં ખાલી પડેલી બેઠકો પર ભાગ લેવા માટે consent આપવી અને ફરીથી choice filling કરવું ફરજીયાત છે**. એકવાર **consent** આપ્યા બાદ તેમા કોઇપણ ફેરફાર થઇ શકશે નહિ જેની દરેક ઉમેદવારે નોંધ લેવી. **જો ઉમેદવારે આપેલ consent "NO" આપેલ હશે તો ઉમેદવાર ઉક્ત પ્રવેશ પ્રક્રિયામાં ભાગ લઈ શકશે નહિ.**

2. B.Arch કોર્સ માટે એડમિશન નોટિફિકેશનના નિયમ 5 માં દર્શાવ્યા મુજબ લાયકાત ધરાવતા ઉમેદવારો**, જેમણે B.Arch. ની ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયામાં રજીસ્ટ્રેશન કરાવેલ નથી,** તેઓએ આ રાઉન્ડમાં ભાગ લેવા માટે સમિતિની વેબસાઈટ **www.jacpcldce.ac.in અને www.gujacpc.ac.in પર તા. 13/10/2022 થી 14/10/2022** દરમ્યાન **ONLINE REGISTRATION LINK** પર ક્લિક કરી , ઓનલાઈન રજીસ્ટ્રેશન ફોર્મ ભરીને , જરૂરી દસ્તાવેજો અપલોડ કરીને અને રૂ. 300/- registration fees ચૂકવીને **નવુ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનુ રહેશે**
3. **GIA સંસ્થાઓમાં ખાલી પડેલી બેઠકો માટેના રાઉન્ડમાં ભાગ લેવા માટે, જે ઉમેદવારો ACPC ની મેરિટ યાદીમાં છે અને consent "YES" આપેલ છે તથા નવા રજીસ્ટ્રેશન કરેલ ઉમેદવારોએ તા. 17-10-2022 અને 18-10-2022 દરમ્યાન નવેસરથી ચોઈસ ફિલિંગ કરવું ફરજિયાત છે.**
4. **મેરીટ યાદી સમિતિની વેબસાઈટ www.jacpcldce.ac.in પર તા. 16.10.2022 ના રોજ જાહેર કરવામાં આવશે**
5. આ પ્રવેશ પ્રક્રિયા એડમિશન નોટિફિકેશનના પ્રવર્તમાન નિયમ મુજબ ખાલી બેઠકો પર હોવાથી, મેરીટ યાદી નીચે મુજબના અગ્રતાક્રમે તૈયાર કરવામાં આવશે:
   (1) જે ઉમેદવારોના નામ પ્રવેશ સમિતિની મેરિટ યાદીમાં આવે છે.
   (2) ઉમેદવારો કે જેમણે પ્રવેશ નિયમ- 5 મુજબ લાયકાત ધરાવતા અને NATA-2022 પરીક્ષા પાસ કરી છે પરંતુ ACPCની ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયામાં નોંધણી કરાવી નથી.
   (3) જે ઉમેદવારોએ પ્રવેશ નિયમ- 5 મુજબ લાયકાત ધરાવતા તથા પૂરક પરીક્ષા પાસ કરી છે અને NATA-2022 પરીક્ષા પાસ કરી છે.
   (4) ઉમેદવારો કે જેમણે પ્રવેશ નિયમ- 5 મુજબ ગુજરાત બહારથી લાયકાત પરીક્ષાપાસ કરેલ છે અને NATA-2022 પરીક્ષા પાસ કરી છે, જેમા ગુજરાત મૂળના ઉમેદવારોને પ્રાધાન્ય આપવું.
   (5) ઉમેદવારો કે જેમણે પ્રવેશ નિયમ- 5 મુજબ લાયકાત ધરાવતા અને જે ઉમેદવારો એ NTA દ્વારા આયોજિત (JEE-2022) પરીક્ષા આપેલ છે. **(માત્ર શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે જ લાગુ પડે છે).**
6. ખાલી બેઠકો પર પ્રવેશના આ રાઉન્ડ માટે ઉમેદવારી નોંધાવવા/અરજી કરવા માટે અન્ય કોઈ માધ્યમ નથી , આમ ઉમેદવારો જેઓ ઑનલાઇન સંમતિ આપતા નથી અને/અથવા પસંદગીઓ ભરતા નથી/નિયત સમય મર્યાદામાં ઉપર જણાવ્યા મુજબ નોંધણી કરવામાં નિષ્ફળ જાય છે તેઓ ખાલી બેઠકો પર પ્રવેશના આ રાઉન્ડમાં ભાગ લઇ શકશે નહિ.
7. ઉમેદવારોને ઓનલાઈન રજીસ્ટ્રેશન ફોર્મ ભરતા પહેલા સમિતિની વેબસાઈટ પર ઉપલબ્ધ મહત્વપૂર્ણ સૂચનાઓ/માર્ગદર્શિકાઓ ધ્યાનપૂર્વક વાંચવા સલાહ આપવામાં આવે છે. જો ઉમેદવાર જરુરી લાયકાત ધરવતા નથી અથવા રજીસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ કરતા નથી , તો તેઓની અરજી માન્ય રાખવામાં આવશે નહિ અને તેઓની રજીસ્ટ્રેશન ફી જપ્ત કરવામાં આવશે. જે અંગે પછીથી કોઈપણ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં જેની નોંધ લેવી.
8. ઉપર જણાવ્યા મુજબ ખાલી બેઠકોની વિગતો , B.Arch અભ્યાસક્રમમાં પ્રવેશ માટેની સૂચનાઓ. અને અન્ય સંબંધિત વિગતો સમિતિની વેબસાઇટ www.jacpcldce.ac.in પર ઉપલબ્ધ છે.
9. B.Arch અભ્યાસક્રમમાં ખાલી બેઠકો પર પ્રવેશ , ગુજરાત સરકારના પ્રવર્તમાન પ્રવેશ નિયમો મુજબ લાયકાત અનુસાર તથા કાઉન્સિલિંગ સમયે સંબંધિત અભ્યાસક્રમ અને સંસ્થામાં બેઠકોની ઉપલબ્ધતાને આધીન રહેશે.
10. ઉપરોક્ત પ્રવેશ પ્રક્રિયા માત્ર **Grant-in-Aid (GIA) સંસ્થાઓમાં ખાલી રહેલી બેઠકો** પર જ લાગુ પડે છે જેની નોંધ લેવી.
11. ઉમેદવારોને પ્રવેશ પ્રક્રિયાને લગતી તમામ સૂચનાઓ/નિયમો/પરિપત્રો/માર્ગદર્શિકાઓ વગેરે સહિત નવીનતમ અપડેટ્સ માટે નિયમિતપણે સમિતિની વેબસાઇટ www.jacpcldce.ac.in ની મુલાકાત લેવાની સલાહ આપવામાં આવે છે. ઉમેદવારો પ્રવેશ પ્રક્રિયાને લગતા કોઈપણ પ્રશ્નો માટે હેલ્પલાઈન નંબર 07926566000 પર પણ કૉલ કરી શકે છે.

**Admission Committee for Professional Courses (ACPC)**